


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 135
Dt.: 25-01-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


# ભારતે ખુલ્લેઆમ ઈરાનને UNમાં આપ્યું સમર્થન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ડોનાલ્ડ ટ્રમ્પ જયારથી અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા છે ત્યારથી વૈશ્વિક રાજકારણમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. આ દરમિયાન ઈરાનમાં પણ સરકાર સામે વિરોધ પ્રદર્શનો જબરદસ્ત થયા.

આ વિરોધ પ્રદર્શનોમાં અનેક લોકોના જીવ ગયા. ખામેનેઈએ આ પ્રદર્શનો માટે ટ્રમ્પને જવાબદાર ઠેરવી દીધા હતા. હવે એક એવી મોટી ઘટના ઘટી છે કે વિશ્વમાં જાણે સોપો પડી ગયો છે.

વાત જાણે એમ બની કે સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે ઈરાનને ખુલ્લો સપોર્ટ આપી દીધા બધા ચોંકી ગયા છે. વાત જાણે એમ હતી કે ઈરાનમાં માનવાધિકારોની સ્થિતિ અંગે પશ્ચિમી દેશો દ્વારા એક પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો જેનો ભારતે ખુલીને વિરોધ કર્યો અને તેમાં ઈરાનનો સાથ આપ્યો.

ઈરાનમાં ઘણા દિવસોથી સરકાર સામે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. જેને લઈને યુએનમાં એક પ્રસ્તાવ લાવવામાં આવ્યો જેનો હેતુ ઈસ્લામિક રિપબ્લિકન ઓફ ઈરાનમાં માનવાધિકારની બગડતી સ્થિતિની ટીકા કરવાનો હતો. પશ્ચિમી દેશો એવું ઈચ્છતા હતા કે યુએન ઈરાન વિરુદ્ધ કડક વલણ અપનાવે જો કે ગ્લોબલ સાઉથના અનેક દેશોએ તેને રાજકારણ અને પશ્ચિમી એજન્ડા ગણાવ્યો અને ફગાવી દીધો. આ પ્રસ્તાવ પર જ્યારે મતદાનનો સમય આવ્યો તો દરેકની આંખો પહોળી થઈ ગઈ કારણ કે આ પ્રસ્તાવના પક્ષમાં કુલ ૨૫ મત પડ્યા અને વિપક્ષમાં ૭ દેશોએ મતદાન કર્યું હતું. જેમાં ભારત પણ તેના વિરુદ્ધમાં મતદાન કરનારા દેશોમાં સામેલ હતું. એટલે કે ભારતે આ પ્રસ્તાવ ફગાવી દીધો હતો. ભારતે તટસ્થ રહેવા છતાં NO માં મતદાન કર્યું.

ભારત ઉપરાંત ચીન, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, ઈરાન, વિયેતનામ, ક્યૂબા પણ એવા દેશ હતા જેમણે ઈરાનના પક્ષમાં મતદાન કર્યું. આ સાથે જ બ્રાઝીલ, દક્ષિણ આફ્રીકા, કતાર, કુવૈત સહિત ૧૪ દેશોએ વોટિંગથી અંતર જાળવ્યું હતું.

વૈશ્વિક મંચ પર જ્યારે માનવાધિકારોની ચર્ચા થાય છે ત્યારે ભારત દેશ વિદેશના પ્રસ્તાવો પર તટસ્થ નીતિ અપનાવતું હોય છે. જો કે આ વખતે તેણે ખુલીને વિરોધ કરતા મોટો સંકેત ગણાઈ રહ્યો છે. ભારતે આ રીતે ર્દ મા મત આપતા દેખાડી દીધુ છે કે ભારત કોઈ પણ પશ્ચિમી દેશના દબાણ આગળ ઝૂકશે નહીં. તે એ જ કરશે જે તેને ઠીક લાગશે.

### અમેરિકા પર ઈતિહાસનું સૌથી મોટું સંકટ

## અમેરિકા ૮૦૦૦થી વધારે ફલાઈટ્સ કેન્સલ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકામાં બરફના તોફાને દસ્તક દેતા હાહાકાર મચી ગયો છે. અચાનક જ ૮ હજારથી વધુ ફલાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. આ ખતરો અમેરિકાના ઈતિહાસમાં સૌથી મોટો હોવાનું જણાઈ રહ્યું છે. USના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ દેશના અપાતકાળની સ્થિતિ માટે તૈયાર રહેવાનો આદેશ આપ્યો છે. અમેરિકામાં હાલ ભારે બરફવર્ષા અને તોફાનને જોતાં ૧૫ રાજ્યોમાં ઈમરજન્સી જાહેર કરી હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે.




રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક દિવસ પહેલા જ આવનારા ખતરાથી દેશને સચેત કર્યો હતો. ટ્રમ્પે જણાવ્યું હતું કે. દેશ મોટા ભાગના રાજ્યો ભીષણ હિમયુગ જેવી ઠંડીના પ્રકોપનો સામનો કરવા તૈયાર રહે, જ્યાં તાપમાન માયનસ ૪૦ ડિગ્રી કરતાં પણ ઓછું જઈ શકે છે. મહત્ત્વનું છે કે અત્યારે અમેરિકાના અનેક રાજ્યોમાં બરફ વર્ષાએ કાળો કહેર મચાવ્યો છે. જેના કારણે ઘણા દિવસો સુધી વીજળી ઠપ થઈ શકે છે. મુખ્ય રસ્તાઓ બંધ થવાના સંભાવના છે.

અમેરિકાએ ખતરાને ભાંખી લેતા ૧૫ રાજ્યોમાં ઈમરજન્સી જાહેર કરી દીધી છે. લોકોને ઘરમાં રહેવા જ અપીલ કરવામાં આવી રહી છે. ફલાઈટ ટ્રેકિંગ વેબસાઈટ FlightAware મુજબ શનિવારે ૩૪૦૦થી વધુ ફલાઈટ લેટ પડતાં રદ કરવામાં આવી છે. તેમજ અગમચેતી રાખી રવિવારની ૫ હજારથી વધુ ફલાઈટ રદ કરી છે.

સંઘીય સરકારે મુસીબતને પહોંચી વળતાં માટે ૩૦ રેસ્ક્યૂ ટીમને સ્ટેન્ડબાય રાખી છે. ૭૦ લાખ લોકો માટે ભોજન, ૬ લાખ લોકો માટે ઠંડીથી બચવા માટેના ધાબળા તેમજ ૩૦૦ જેટલા જનરેટર સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે.

અમેરિકાના પૂર્વ કિનારાના વિસ્તારો, ખાસ કરીને ન્યુયોર્ક અને ન્યુજર્સીમાં રવિવાર વહેલી સવારથી સોમવાર સુધી ભારે હિમવર્ષા અને શિયાળુ તોફાનની આગાહી કરવામાં આવી છે.

આ પ્રતિકૂળ હવામાનને કારણે વિમાનની કામગીરી પર મોટી અસર પડવાની શક્યતા છે. મુસાફરો અને ક્રૂ મેમ્બર્સની સુરક્ષાને ધ્યાનમાં રાખીને, એર ઈન્ડિયાએ ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ ન્યુયોર્ક અને નેવાર્ક જતી તેમજ ત્યાંથી આવતી તમામ ફલાઈટ્સ રદ કરી છે. જે મુસાફરોએ આ તારીખો માટે બુકિંગ કરાવ્યું છે, તેમને એર ઈન્ડિયાની ટીમ સંપૂર્ણ મદદ કરશે. વધુ માહિતી માટે મુસાફરો એર ઈન્ડિયાના ૨૪૮૭ કોલ સેન્ટર (+૯૧ ૧૧૬૯૩૨૯૩૩૩, +૯૧ ૧૧૬૯૩૨૯૯૯૯) પર સંપર્ક કરી શકે છે અથવા તેમની વેબસાઈટ airindia.com તપાસી શકે છે.

## રાષ્ટ્રગાનની જેમ રાષ્ટ્રીય ગીત વંદે માતરમ માટે પણ હવે ઉભા થવું પડશે : સરકાર જલ્દી બનાવશે નિયમ

### કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય ગીત વંદે માતરમને રાષ્ટ્રગાન જન ગણ મન જેવો દરજ્જો આપવાનો વિચાર કરી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મોદી સરકાર રાષ્ટ્રીય ગીત વંદે માતરમને રાષ્ટ્રગાન સમાન દરજ્જો આપવા માટે એક પ્રોટોકોલ તૈયાર કરવાની યોજના બનાવી રહી છે. એક રિપોર્ટ અનુસાર આ મહિનાની શરૂઆતમાં ગૃહ મંત્રાલય તરફથી આયોજીત એક ઉચ્ચ-સ્તરીય બેઠકમાં આ મુદ્દે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે.

ભારતના બંધારણ પ્રમાણે રાષ્ટ્રગાન અને રાષ્ટ્રીય ગીત બંનેને સમાન સન્માન મળ્યું છે પરંતુ કાયદાકીય અને ફરજીયાત પ્રોટોકોલના મામલામાં બંને વચ્ચે અંતર છે.

હકીકતમાં રાષ્ટ્રગાનના ગાયન સમયે ઉભા થવું જરૂરી છે અને તેનું અપમાન કરવા પર રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ અધિનિયમ ૧૯૭૧ની હેઠળ સજાની જોગવાઈ કરવામાં આવી છે.

તો બીજીતરફ રાષ્ટ્રીય ગીત વંદે માતરમના ગાયન સમયે ઉભા થવા માટે ફરજીયાત ઉભા થવાનો કાયદો કે લેખિત નિયમ નથી.

એક અગ્રણી અખબારે પોતાના રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી જણાવ્યું કે ગૃહ મંત્રાલયની બેઠકમાં આ મુદ્દે ચર્ચા થઈ છે.

આ દરમિયાન રાષ્ટ્રીય ગીતના ગાયનના નિયમ અને નિર્દેશ સહિત સન્માનના પાસા પર ચર્ચા થઈ.

બેઠકમાં તે વિષય પર ચર્ચા કરવામાં આવી કે શું વંદે માતરમ ગાવાનો સમય, સ્થાન અને પદ્ધતિ માટે સ્પષ્ટ નિયમ બનાવવા જોઈએ? શું તેના ગાયન દરમિયાન રાષ્ટ્રગાનની જેમ ઉભા થવું ફરજીયાત કરવામાં આવે? શું રાષ્ટ્રીય ગીતનું અપમાન કરનાર પર દંડ કે કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ? મહત્વનું છે કે આ પગલું એવા સમયે ભરવામાં આવી રહ્યું છે જ્યારે મોદી સરકાર વંદે માતરમનો એક વર્ષ ચાલનાર ઉત્સવ મનાવી રહી છે, તો ભાજપે કોંગ્રેસ પર તુષ્ટિકરણની રાજનીતિને કારણે રાષ્ટીય ગીતનું મહત્વ ઘટાડવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસ અધિવેશન ૧૯૩૭મા વંદે માતરમના કેટલાક છંદોને હટાવી દેવામાં આવ્યા હતા, જેને લઈને ભારતનો આરોપ છે કે આ નીતિએ વિભાજનનો પાયો નાખ્યો, જ્યારે કોંગ્રેસનું કહેવું છે કે ભાજપ ઈતિહાસ સાથે ચેડાં કરી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અદાલતમાં ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી છે, જેમા માગ કરવામાં આવી છે કે વંદે માતરમ માટે પણ રાષ્ટ્રગાન જેવું ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવે.

## વંદે ભારતને હથકંડા અજમાવી અધવચ્ચે ઉભી રખાવી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજકાલ સોશિયલ મીડિયા પર ફેમસ થવાની ઘેલછામાં યુવાનો મર્યાદા ભૂલી રહ્યા છે. ટ્રાફિકના નિયમો તોડવા તો હવે સામાન્ય વાત થઈ ગઈ છે, પણ હવે લોકો હજારો નિર્દોષ મુસાફરોના જીવ સાથે રમતા પણ અચકાતા નથી. તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક ચોંકાવનારો વીડિયો વાયરલ થયો છે, જેમાં કેટલાક યુવકોએ દેશની પ્રતિષ્ઠિત હાઈ-સ્પીડ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ ને રોકવા માટે રેલવે ટ્રેક પર લાકડાના મોટા લઠ્ઠા ગોઠવી દીધા હતા. શું છે સમગ્ર ઘટના?

વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે કેટલાક યુવકો રેલવે ટ્રેક પર મોટા લાકડાના ટુકડા મૂકી રહ્યા છે. જેવી વંદે ભારત ટ્રેન ત્યાંથી પસાર થવાની તૈયારીમાં હતી, ત્યારે આ અવરોધને કારણે ડ્રાઈવરે ઈમરજન્સી બ્રેક મારવી પડી હતી.

ટ્રેન ઉભી રહી જતાં યુવકો આનંદમાં આવી ગયા હતા અને ગર્વથી કહેતા સંભળાયા હતા કે, "વંદે ભારત અટકાવી દીધી." જ્યારે રેલવે સ્ટાફે તેમને ટોક્યા ત્યારે તેમણે અત્યંત બેજવાબદાર રીતે જવાબ આપ્યો કે, "અંકલ અમે અંદર નથી આવતા, ખાલી વીડિયો શૂટ કરીએ છીએ."

સોશિયલ મીડિયા પર આક્રોશ

આ વીડિયો X (અગાઉનું ટ્વિટર) પર વાયરલ થતા જ લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. લોકોએ રેલવે સુરક્ષા દળ (RPF) અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને ટેગ કરીને આ યુવકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. યુઝર્સનું કહેવું છે કે હાઈ-સ્પીડ ટ્રેનમાં અચાનક બ્રેક મારવાથી મોટો અકસ્માત થઈ શક્યો હોત. ઘણા લોકોએ આ કૃત્યને આતંકવાદી કૃત્ય જેવું ગણાવીને તેમને જેલમાં મોકલવાની માંગ કરી છે.

કાયદો શું કહે છે?

રેલવે એક્ટ, ૧૯૮૯ મુજબ ટ્રેક પર અવરોધ ઊભો કરવો એ ગંભીર ગુનો છે:

કલમ ૧૫૦: ટ્રેક પર વસ્તુઓ મૂકીને ટ્રેનને નુકસાન પહોંચાડવાના પ્રયાસ બદલ આજીવન કેદ અથવા ૧૦ વર્ષ સુધીની જેલ થઈ શકે છે.

કલમ ૧૭૪: રેલવેની કામગીરીમાં અવરોધ લાવવા બદલ ૨ વર્ષની જેલ અથવા દંડની જોગવાઈ છે. હાલમાં RPF અને સ્થાનિક પોલીસ વીડિયોના આધારે આ યુવકોની ઓળખ કરી રહી છે અને તેમની ધરપકડ કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

### સરકારી યુનિવર્સિટીઓમાં નવી ભરતી પર એક વર્ષના પ્રતિબંધની તૈયારી

## ફ્લોરિડા એક વર્ષ માટે H-1B વિઝા હેઠળ ભરતી પર પ્રતિબંધ મુકવાની તૈયારીમાં

### આ પગલાથી ખાસ કરીને સંશોધન અને શૈક્ષણિક વિભાગોમાં કામ કરવા ઈચ્છતા ભારત સહિતના દેશના પ્રોફેશ્નલ્સ પર સીધી અસર પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મિયામી

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈમિગ્રેશનના નિયમો આકરાં બનાવતાં ભારત સહિતના દેશો મુશ્કેલીમાં મુકાયા છે. હવે અમેરિકાના ફ્લોરિડા રાજયમાંથી ભારતીય આઈટી પ્રોફેશનલ્સ અને સંશોધકો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ફ્લોરિડાની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં H-1B વિઝા કાર્યક્રમ હેઠળ નવી કર્મચારીઓની ભરતી કરવા પર લગભગ એક વર્ષ માટે પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ નીતિ પર આગામી 29 જાન્યુઆરીએ સ્ટેટ યુનિવર્સિટી સિસ્ટમ ઓફ ફ્લોરિડાના બોર્ડ ઓફ ગવર્નર્સ દ્વારા મતદાન કરવામાં આવે તેવી શક્યતા છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળશે, તો ફ્લોરિડાની તમામ સ્ટેટ યુનિવર્સિટીઓના ટ્રસ્ટી બોર્ડ 5 જાન્યુઆરી, 2027 સુધી H-1B વિઝા પ્રોગ્રામ હેઠળ કોઈ પણ નવા કર્મચારીની ભરતી કરી શકશે નહીં. આ પગલાથી ખાસ કરીને સંશોધન અને શૈક્ષણિક વિભાગોમાં કામ કરવા ઈચ્છતા ભારત સહિતના દેશના પ્રોફેશ્નલ્સ પર સીધી અસર પડશે.H-1B વિઝા કાર્યક્રમના પ્રખર વિરોધી એવા ફ્લોરિડાના ગવર્નર રોન ડીસેન્ટિસનું માનવું છે કે, અમેરિકાની યુનિવર્સિટીઓ લાયક અમેરિકન નાગરિકોને બદલે વિદેશી કામદારોને પ્રાથમિકતા આપી રહી છે. કરદાતાઓના પૈસાથી ચાલતી સંસ્થાઓમાં પ્રથમ અધિકાર સ્થાનિક યુવાનોનો હોવો જોઈએ. ગયા વર્ષે તેમણે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, “અમે ફ્લોરિડાની સંસ્થાઓમાં H-1B વિઝાનો દુરુપયોગ સહન નહીં કરીએ.ફ્લોરિડાની આ દરખાસ્ત એચ-1બી અંગેના ટ્રમ્પ વહીવટીતંત્રના આક્રમક વલણને દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, ગત સપ્ટેમ્બરમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નવી H-1B વિઝા અરજીઓ પર $1,00,000 (અંદાજે રૂ.90 લાખ રૂપિયા)ની તોતિંગ ફી લાદવાની જાહેરાત કરી હતી.

## ગુજરાતમાં કોંગ્રેસના વોટર્સના નામ મતદાર યાદીમાંથી ગાયબ કરવાનું કાવતરું રચાયુંઃ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લોકસભામાં વિપક્ષના નેતા તથા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ SIR મામલે ફરી કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. ગુજરાતમાં SIRની પ્રક્રિયામાં ગરબડ મામલે રાહુલ ગાંધીએ સરકાર પર વોટ ચોરીના આક્ષેપ લગાવ્યા છે. તેમનો આરોપ છે કે ચૂંટણી પંચ જાણીજોઈને કોંગ્રેસના વૉટર્સના નામ મતદાર યાદીમાંથી કાપી રહ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે, જ્યાં જ્યાં SIR, ત્યાં ત્યાં વોટ ચોરી. ગુજરાતમાં SIRના નામે સુનિયોજિત, સંગઠિત અને વ્યૂહનીતિ બનાવી વોટ ચોરી કરવામાં આવી રહી છે. એક જ નામથી હજારો વાંધા અરજી દાખલ કરવામાં આવી રહી છે. ખાસ વર્ગ તથા કોંગ્રેસ સમર્થક બૂથમાં જ મતદારોના નામ કાપવામાં આવ્યા છે. જ્યાં જ્યાં ભાજપ હાર ભાળી જાય છે ત્યાં ત્યાં સિસ્ટમમાંથી મતદારોના નામ જ ગાયબ કરી દેવાય છે. આ પેટર્ન કર્ણાટક અને મહારાષ્ટ્રમાં પણ જોવા મળી. હવે એ જ બ્લુપ્રિન્ટ ગુજરાત, રાજસ્થાનમાં લાગુ કરવામાં આવી રહી છે. રાહુલ ગાંધીએ ચૂંટણી પંચની કાર્યવાહી પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, બંધારણમાં એક વ્યક્તિ, એક મતનો અધિકાર આપવામાં આવ્યો છે. જે ખતમ કરવા માટે જૈંઈને હથિયાર બનાવવામાં આવ્યું છે. જેથી સત્તામાં કોણ બેસશે તે જનતા નહીં, ભાજપ નક્કી કરી શકે. ગંભીર સત્ય છે કે ચૂંટણી પંચ હવે લોકશાહીનું રક્ષક, પણ વોટ ચોરીના કાવતરામાં ભાગીદાર બની ગયું છે. ગુજરાત રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) બાદ ૧૯ જાન્યુઆરીએ બહાર પડેલી ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડવામાં આવી હતી. જેમાં ૪ કરોડ ૩૪ લાખ મતદારો અંગે મોટા અપડેટ આવ્યા છે. આ મતદારોમાંથી ૪૦ ટકા મતદારોના ડેટા મેચ થયા નથી. એટલે કે, ૧.૭૩ કરોડ મતદારોના ડેટા મેચ નથઈ થઈ રહ્યા. આ તમામને તંત્રએ નોટિસ આપી છે. જૂની યાદીમાં નામ, ઘર નંબર અને ઉમર ખોટી રીતે લખાયેલાં હોવાથી ખામી આવી છે. તો તાર્કિક ખામીઓ અને મેપિંગ ન થવાને કારણે હવે આ તમામ મતદારોને રુબરુ હાજર રહીને પુરાવા આપવા પડશે.

તંત્ર આ બાબતને લોજિકલ ડિસ્ક્રિપન્સી એટલે કે તાર્કિક ખામી અને નો મેપિંગ ગણાવી રહ્યુ છે. જે મુજબ, ૧.૭૩ કરોડ મતદારોની માહિતી અગાઉની ૨૦૦૨ ની યાદી સાથે મેળ ખાતી નથી. આવામાં તમામને બીએલઓ દ્વારા નોટિસ પાઠવીને રુબરુ હાજર રહેવા સૂચના અપાઈ છે.

પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આજે વડોદરા સર્કિટ હાઉસ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજીને ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિ અને મતદારોના અધિકાર છીનવવાના સુનિયોજિત ષડયંત્રનો આરોપ લગાવ્યો હતો. આ પ્રેસ કોન્ફરન્સમાં ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, પહેલા વોટ ચોરીના આરોપો ઉઠ્યા હતા અને હવે લગભગ ૧૦ લાખ જેટલા ખોટા અને બિનપુરાવાવાળા ફોર્મ-૭ (મતદારના નામ રદ્દ કરવા માટેના અરજીપત્ર) ભરીને મતદારોના બંધારણીય મતદાન અધિકારને છીનવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.




# તંત્રી લેખ......

## એસઆઈઆરમાં શું સમાવવું જોઈએ? સામાન્ય લોકોને વાજબી તક મળવી જોઈએ

ઉત્તર પ્રદેશમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન માટેનો ડ્રાફ્ટ રોલ બહાર પાડવામાં આવ્યો છે, જેમાં ૨.૮૯ કરોડ નામો કાઢી નાખવામાં આવ્યા છે. ચૂંટણી પંચે કાઢી નાખવાના કારણો સમજાવ્યા છે, પરંતુ લોકોને દાવાઓ અને વાંધાઓ માટે સરળ પ્રક્રિયાની જરૂર છે.એસઆઈઆર બિહારમાં હાથ ધરવામાં આવ્યો હતો, જ્યાં પ્રારંભિક યાદીમાંથી ૬૫ લાખ નામો કાઢી નાખવામાં આવ્યા હતા. ઘણા રાજકીય વિવાદ અને વિસ્તૃત સમયમર્યાદા પછી, આખરે ઉત્તર પ્રદેશમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન માટેનો ડ્રાફ્ટ રોલ બહાર પાડવામાં આવ્યો છે. ચૂંટણી પંચે જણાવ્યું છે કે પ્રથમ તબક્કા પછી ૨.૮૯ કરોડ નામો કાઢી નાખવાની અપેક્ષા હતી. અત્યાર સુધી જે ૧૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે ડ્રાફ્ટ રોલ બહાર પાડવામાં આવ્યા છે તેમાંથી કુલ ૩.૬૯ કરોડ નામો કાઢી નાખવામાં આવ્યા છે. ડ્રાફ્ટ રોલ અંતિમ નથી. લોકો પાસે હજુ પણ દાવા અને વાંધા દાખલ કરવાની તક છે, પરંતુ પ્રક્રિયા સરળ અને સામાન્ય નાગરિકને સમાવિષ્ટ હોવી જોઈએ.

બિહારનું ઉદાહરણ. પ્રથમ તબક્કામાં ૨૮.૯ મિલિયન નામો કાઢી નાખવામાં આવ્યા: એસઆઈઆર બિહારમાં હાથ ધરવામાં આવ્યું હતું. ત્યાં જાહેર કરાયેલી પ્રારંભિક યાદીમાં ૬.૫ મિલિયન નામો કાઢી નાખવામાં આવ્યા હતા, જેના કારણે નોંધપાત્ર હોબાળો થયો હતો. જ્યારે યાદીમાં સુધારો કરવામાં આવ્યો ત્યારે ૧.૭૯ મિલિયન મતદારો ઉમેરવામાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશ અને અન્ય રાજ્યોમાં પણ આવા જ ફેરફારો જોવા મળી શકે છે જ્યાં વાંધા લેવામાં આવી રહ્યા છે અથવા લેવામાં આવશે.

બંગાળમાં વિવાદો. જરૂરી ચૂંટણી પ્રક્રિયા હોવા છતાં, એસઆઈઆર અંગે અસંખ્ય વિવાદો ચાલુ રહ્યા છે. કમનસીબે, જે રાજ્યોમાં બીજા તબક્કા માટે ડ્રાફ્ટ યાદીઓ બહાર પાડવામાં આવી છે, ત્યાં પણ વિવાદો ચાલુ છે. બંગાળમાં ખાસ કરીને અસંતોષ વધુ છે. રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ હવે એસઆઈઆરમાં ઉપયોગમાં લેવાતા સોફ્ટવેર અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમની પાર્ટી, ટીએમસી પણ મતદારોના મેપિંગમાં ભૂલોનો આરોપ લગાવી રહી છે જેમના નામ યાદીમાંથી ગુમ છે. લોકોને મદદ કરવી. ચૂંટણી પંચે આ નામો કાઢી નાખવાના કારણો સમજાવતો ડેટા જાહેર કર્યો છે. આ સ્પષ્ટતા સારી છે, પરંતુ જેમના નામ ખૂટે છે તેમને તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરવા માટે શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવી જોઈએ. રાજકીય પક્ષોની પણ જવાબદારી છે કે તેઓ જનતાને દાવાઓ અને વાંધા દાખલ કરવામાં અને તેમના નામોની તપાસ કરવામાં મદદ કરે.

બિહાર SIR સંબંધિત મુદ્દાઓ પર સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે રાજકીય પક્ષોની નિષ્ક્રિયતા પર આશ્ચર્ય વ્યક્ત કર્યું અને પૂછ્યું કે સ્થાનિક પક્ષના કાર્યકરો અને જનતા વચ્ચે આટલો અંતર કેમ છે. સહિયારી જવાબદારી. લગભગ ૨૧ વર્ષ પહેલાં થયેલા એસઆઈઆરની યાદો હવે ઝાંખી પડી ગઈ છે, કારણ કે તે સમયે આટલો અવાજ નહોતો. કદાચ આ બદલાયેલી રાજકીય પરિસ્થિતિઓને કારણે છે. હવે ચૂંટણી પંચની જવાબદારી છે કે તે ખાતરી કરે કે આ અવાજ ચૂંટણી ઉજવણી પર પડછાયો ન પડે અને જનતાનો સિસ્ટમ પરનો વિશ્વાસ નષ્ટ ન થાય.

### ભારતે ઉપનિષદથી લઈને ઉપગ્રહ સુધીની યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે:શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા

# શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને રાય યુનિવર્સિટીનો ૧૨મો દીક્ષાંત સમારોહ યોજાયો: ૫૯૨ વિદ્યાર્થીઓને ડિગ્રી, ડિપ્લોમા અને માસ્ટર્સ પદવી એનાયત

ધોળકા તાલુકાના સરોડા ખાતે આવેલ રાય યુનિવર્સિટીનો ૧૨મો દીક્ષાંત સમારોહ શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં કુલ-૫૯૨ વિદ્યાર્થીઓને ડિગ્રી, ડિપ્લોમા તથા માસ્ટર્સની પદવી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ધોળકાના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ દીક્ષાંત સમારોહમાં શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ પોતાના સંબોધનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "વિકાસથી વિરાસત" મંત્રનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ભારતનો વિકાસ માત્ર ટેકનોલોજી સુધી મર્યાદિત નથી, પરંતુ વેદો, ઉપનિષદો અને સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાઓ સાથે ગાઢ રીતે જોડાયેલો છે. તેમણે ગર્વપૂર્વક કહ્યું કે, "ભારતે ઉપનિષદથી લઈને ઉપગ્રહ સુધીની યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે," જે દેશની વૈજ્ઞાનિક સિદ્ધિઓ અને સાંસ્કૃતિક મૂલ્યોના અનોખા સમન્વયનું પ્રતિબિંબ છે.

શિક્ષણ મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે "વિકસિત ભારત"ના સંકલ્પને સાકાર કરવા નવી પેઢીનું સક્રિય યોગદાન અનિવાર્ય છે. તેમણે "વોકલ ટુ લોકલ" અને "લોકલ ટુ ગ્લોબલ"ના મંત્રને આત્મસાત કરીને ભારતીય ઉત્પાદનો અને પ્રતિભાને વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત બનાવવાનો સંદેશ આપ્યો હતો. મંત્રીશ્રીએ પદવી મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી





ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું કે, "એક નઈ કિતાબ ખૂલ રહી હૈ આપ કે નામ સે, કહાની લીખતી હૈ આપકો અપને કામ સે." તેમણે જણાવ્યું કે વ્યક્તિનું ભવિષ્ય તેની મહેનત, પ્રતિબદ્ધતા અને કર્મોથી જ ઘડાય છે.

આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્ટાર્ટઅપ અને આત્મનિર્ભરતા પર ભાર મુકતા જણાવ્યું હતું કે, "સમસ્યાનું સુવિધા સાથે સમાધાન એટલે સ્ટાર્ટઅપ." તેમણે યુવાનોને સમાજની જરૂરિયાતોને ઓળખીને ટેકનોલોજી આધારિત સરળ અને અસરકારક ઉકેલો વિકસાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

તેમણે ઉમેર્યું કે આજના સમયમાં રોજગાર શોધવા કરતાં રોજગાર સર્જન તરફ આગળ વધવું એ સમયની માંગ છે. આ કાર્યક્રમમાં રાય યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી અનિલ તોમર, એસ્પાયર ગ્રુપના મુખ્ય વહીવટી અધિકારી શ્રી ગગન ઓબેરોય, વિવિધ વિભાગોના પ્રોફેસરો, વિદ્યાર્થીઓ તથા તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### તા.૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સ્પીપા, ગાંધીનગર ખાતે "My india, My vote" થીમ સાથે યોજાશે કાર્યક્રમ

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ગરિમામય ઉપસ્થિતિમાં કરાશે ૧૬મા રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી

### જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ, મતદાર નોંધણી અધિકારીશ્રીઓ, બુથ લેવલ ઑફિસર્સ સહિત શ્રેષ્ઠ કામગીરી કરનારને પુરસ્કાર આપી સન્માનિત કરાશે

તા.૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ગાંધીનગર સેક્ટર ૨૬ સ્થિત સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) ખાતે ૧૬મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે.

માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં આયોજીત આ ઉજવણીમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરશ્રી જ્ઞાનેશ કુમારનો સંદેશ પણ પ્રસારિત કરવામાં આવશે.

આ પ્રસંગે મહાનુભાવો દ્વારા ઉત્તમ કામગીરી કરનાર જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીશ્રીઓને પુરસ્કાર આપવામાં આવશે.

રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીના ભાગરૂપે શાંતિપૂર્ણ અને નૈતિક મતદાનના માધ્યમથી લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા મતદાર શપથ ગ્રહણ કરાવવામાં આવશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા સતત ૧૬મા વર્ષે થનાર રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી "My india, My vote"ની થીમ અને Citizen at the heart of democracy ટેગલાઈન પર કરવામાં આવશે. વિશ્વની સૌથી મોટી લોકશાહીના અમૂલ્યાધિકાર તરીકે પ્રાપ્ત થતા મતાધિકાર અંગે જાગૃતિ કેળવાય અને દેશના તમામ પાત્ર નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થાય તેવા ઉદ્દેશ સાથે રાજ્યકક્ષાએ અને જિલ્લા કક્ષાએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવશે.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીના અધિક કલેકટર શ્રી રીંકેશ પટેલના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં ભારતના ચૂંટણી પંચના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી એ.કે. જોતિ, રાજ્ય ચૂંટણી પંચના પૂર્વ ચૂંટણી કમિશનર શ્રી સંજય પ્રસાદ, રાજ્ય ચૂંટણી પંચના કમિશનર શ્રી એસ. મુરલીક્રિશ્ન તથા રાજ્યના ચૂંટણી તંત્ર સાથે જોડાયેલા અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહેશે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી હારીત શુક્લા પ્રારંભિક સ્વાગત સંબોધન કરશે. આ અવસરે રાજ્યપાલશ્રી ઉપસ્થિત તમામ લોકોને શપથગ્રહણ પણ કરાવશે. રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં દરેક જિલ્લા અને તાલુકા મથકોએથી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજીક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. રાજ્યના તમામ નાગરિકો રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સવારે ૧૧.૦૦ કલાકથી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાતની વેબસાઈટ https://ceo. gujarat. gov.in, ફેસબુક પેજ CEO Gujarat તથા યુટ્યુબ ચેનલ https:// www. youtube. com/ @CEO Gujarat State પર નિહાળી શકશે.

### સોનાના દાગીના અને રોકડની છેતરપિંડી કરતા

# અમરેલી પાણી પીવાના બહાને ઘરમાં ઘૂસી ખેલ પાડતી ગેંગ ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

બીમારી અને દુઃખ-દર્દ દૂર કરવા તેમજ ધાર્મિક વિધિ કરવાના બહાને લોકોનો વિશ્વાસ જીતી, સોનાના દાગીના અને રોકડની છેતરપિંડી કરતી રાજકોટની એક રીઢા ગુનેગારોની ગેંગને અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ ઝડપી પાડી છે. પોલીસે આ ગેંગના ત્રણ સભ્યોની ધરપકડ કરી છે. આ સાથે અમરેલી, રાજકોટ, મોરબી અને જામનગર જિલ્લામાં બનેલા છેતરપિંડીના ૨૦ જેટલા ગુનાઓનો પર્દાફાશ કર્યો છે. આ ટોળકી મોટર સાયકલ પર સવાર થઈ અલગ-અલગ જિલ્લાના ગ્રામ્ય અને વાડી વિસ્તારોમાં જતી હતી. રસ્તો પૂછવા કે પાણી પીવાના બહાને તે કોઈના ઘરે જઈ પરિવારની વિગતો જાણી લેતા હતા. ત્યારબાદ પોતે રામાપીરના ભગત છે અને રામામંડળ રમે છે તેવી ઓળખ આપી, ઘરના કોઈ સભ્યની બીમારી કે તકલીફ દૂર કરવાની લાલચ આપતા હતા. વિધિ કરવાના બહાને સોનાના દાગીના સફેદ કપડામાં રખાવી નજર ચૂકવીને ફરાર થઈ જવાની તેમની મોડસ ઓપરેન્ડી હતી. અમરેલી એલસીબીએ બાતમીના આધારે રાજકોટના ભારતનગર વિસ્તારમાં રહેતા રમેશ લકુમ, ભરત લકુમ અને ઉપેન્દ્ર લકુમને ઝડપી પાડ્યા છે. આ ઉપરાંત તેની પાસેથી ૨.૫૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. પકડાયેલા શખસોની પૂછપરછ દરમિયાન ચોંકાવનારી વિગતો બહાર આવી છે. તે વડિયાના જુના બાદલપુર અને અરજણસુખમાં સોનાની બુટ્ટીઓ તથા બગસરાના પીઠડીયા ગામેથી ઘરેણાં તફડાવ્યા હતા. આ ઉપરાંત ધ્રોલ, કાલાવડ, રાજકોટ શહેરના રેલનગર, લોધિકાના રાવકી અને પાળ ગામ, તેમજ જસદણ અને ટંકારા પંથકમાં રામામંડળના દીવેલના નામે રોકડ રકમની છેતરપિંડી કર્યાની કબૂલાત આપી છે.ઉલ્લેખનીય છે કે, આ આરોપીઓ અગાઉ પણ માણાવદર અને રાજકોટ શહેરના પોલીસ મથકોમાં છેતરપિંડી અને મારપીટ જેવા ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂક્યા છે.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૨૪/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૭૦૩ | ૧,૩૦૦.૦૦ | ૧,૮૪૫.૦૦ |
| ૨ | ઘઉં | ૧૧૩ | ૫૨૮.૦૦ | ૫૬૬.૦૦ |
| ૩ | બાજરી | ૨ | ૪૬૦.૦૦ | ૪૮૦.૦૦ |
| ૪ | મકાઇ | ૦ | ૩૮૦.૦૦ | ૪૨૦.૦૦ |
| ૫ | તુવર | ૪ | ૧,૧૫૦.૦૦ | ૧,૨૬૨.૦૦ |
| ૬ | અડદ | ૩ | ૧,૨૦૦.૦૦ | ૧,૨૮૦.૦૦ |
| ૭ | ગવાર | ૪ | ૯૬૦.૦૦ | ૧,૦૦૦.૦૦ |
| ૮ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૯ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૧૦ | કપાસ | ૧૭૮ | ૧,૫૭૧.૦૦ | ૧,૬૨૦.૦૦ |
| ૧૧ | સોયાબીન | ૨૦ | ૯૯૦.૦૦ | ૧,૦૨૫.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


# મનાલી-શિમલામાં ચક્કાજામ: ઉત્તર ભારતમાં આકાશી આફત, હિમાચલમાં ૫૩૫ રસ્તાઓ બંધ

### ખરાબ વાતાવરણના કારણે હવાઈ અને રેલવે સેવાઓ પણ ખોરવાઈ: પૂંચમાં ૧૦૦થી વધુ પ્રવાસીઓ ફસાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુમાં વિશ્વવિખ્યાત માતા વૈષ્ણોદેવી મંદિર સહિત ઊંચાણવાળા વિસ્તારોમાં મધ્યમથી ભારે હિમવર્ષા પડી હતી. શુક્રવારથી જ ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં વાતાવરણ બદલાયું હતું. જમ્મુ-કાશ્મીરથી હિમાચલ પ્રદેશ સુધીના વિસ્તારોમાં આંધી-તોફાન સાથે ભારે હિમવર્ષાના કારણે જનજીવન ખોરવાયું હતું. ખરાબ વાતાવરણના કારણે હવાઈ અને રેલવે સેવાઓ પણ ખોરવાઈ હતી. પૂંચમાં ૧૦૦થી વધુ પ્રવાસીઓ ફસાયા હતા.

જમ્મુ-કાશ્મીરમાં બધી જ ફ્લાઈટ રદ કરી દેવાઈ હતી જ્યારે શિમલામાં સ્કૂલોમાં રજા જાહેર કરી દેવાઈ હતી. જોકે, પર્વતીય વિસ્તારોમાં બરફની સફેદ ચાદર છવાતા પ્રવાસીઓ ખુશખુશાલ થઈ ગયા હતા.

ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાથી જમ્મુ-કાશ્મીરથી હિમાચલ પ્રદેશ સુધીના પર્વતીય વિસ્તારોમાં આંધી-તોફાન સાથે ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું.

જમ્મુ-કાશ્મીરમાં તાપમાન શૂન્યથી નીચે ગયું હતું જ્યારે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના અનેક વિસ્તારોમાં તાપમાન શૂન્ય નજીક પહોંચી ગયું હતું. પૂંછમાં પ્રતિ કલાક ૮૦ અને અનંતનાગમાં પ્રતિ કલાક ૬૦ કિ.મી.ની ગતિએ પવન ફૂંકાયો હતો જ્યારે અન્ય વિસ્તારોમાં પણ ભારે પવન ફૂંકાતા વૃક્ષો, થાંભલા અને વીજળીના તાર પડી ગયા હતા. વાતાવરણમાં આવેલા અચાનક પરિવર્તનથી અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી.

ઉત્તર ભારતમાં આકાશી આફતને કારણે પહાડી વિસ્તારોમાં બેથી ત્રણ ફૂટ જેટલા બરફના થર જામી ગયા છે, ગુજરાતીઓના મનપસંદ સ્થળ મનાલી અને શિમલામાં ભારે ટ્રાફિકજામ જોવા મળી રહ્યો છે. હિમાચલ પ્રદેશના ૫૩૫ રસ્તાઓ પર વાહન વ્યવહાર ખોરવાયો છે.

હવામાનની સ્થિતિ જતાં પૂંછમાં ૨૮ જાન્યુઆરી સુધી સ્વાસ્થ્ય કર્મચારીઓની રજાઓ રદ કરી દેવાઈ છે. હવામાન વિભાગે જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરના લગભગ બધા જ ભાગોમાં વરસાદ અને હિમવર્ષા થયા છે. પૂંચ અને ઉધમપુર જિલ્લાઓમાં બરફાચ્છાદિત વિસ્તારોમાં ૧૦૦થી વધુ પ્રવાસીઓ ફસાયા હતા જ્યારે મેદાની વિસ્તારોમાં મધ્યમ વરસાદના પગલે લગભગ બે મહિના કરતાં વધુ સમય સુધી ચાલેલો ડ્રાય સ્પેલ પૂરો થયો હતો.

એક પોલીસ અધિકારીએ કહ્યું કે, પૂંચ જિલ્લાના મેન્ધાર વિસ્તારમાં તોતાગાલિમાં ૭૦ લોકો ફસાયા હતા. તેમને વિપરિત હવામાન છતાં બચાવી લેવાયા હતા. ભારે હિમવર્ષાના કારણે કૃષ્ણા ઘાટીમાં અન્ય ૩૦થી વધુ પ્રવાસીઓ ફસાયા હતા. હિમવર્ષના કારણે ભારત અને કાશ્મીર ખીણને જોડતો એકમાત્ર જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પણ બંધ કરી દેવાયો હતો, જેના પગલે હજારો વાહનો રસ્તામાં ફસાયા હતા. બીજીબાજુ કાશ્મીરમાં શુક્રવારે ભારે હિમવર્ષાના કારણે બધી જ ૨૦ ફ્લાઈટ રદ કરી દેવાઈ હતી, જેથી હવાઈ ટ્રાફિક ખોરવાયો હતો. હિમવર્ષાના પગેલ વિમાનો માટે રનવે અસલામત થઈ ગયો હતો.

હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીરના છ જિલ્લામાં હિમપ્રપાતની ચેતવણી આપી હતી. આગામી ૨૪ કલાકમાં ગંદરબલ જિલ્લામાં ૨૩૦૦ મીટરથી ઉપરના ઊંચાણવાળા વિસ્તારમાં હિમપ્રપાતનું જોખમ છે. ઉત્તરાખંડમાં પણ સિઝનની પહેલી હિમવર્ષા થઈ હતી. જોકે, હવામાન વિભાગે અનેક વિસ્તારો માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરી છે.

દરમિયાન જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલથી દિલ્હી સુધીના વિસ્તારોમાં પ્રવાસીઓમાં હિમવર્ષાથી ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. હિમાચલ પ્રદેશમાં શુક્રવારે આ સિઝનની પહેલી હિમવર્ષા થઈ હતી, જેથી ત્રણ મહિના લાંબા ડ્રાય સ્પેલનો અંત આવ્યો હતો અને હિલ સ્ટેશનો પર પ્રવાસીઓ ખુશીથી ઝુમી ઊઠયા હતા.

હિમવર્ષાથી ખેડૂતો અને બાગાયતી પાકના ઉત્પાદકોને પણ રાહત થઈ હતી. જોકે, ભારે હિમવર્ષાના કારણે શિમલામાં સ્કૂલો બંધ કરવી પડી હતી.

વાતાવરણ બદલાતા દિલ્હીમાં મધ્યમ વરસાદ પડયો હતો, જેને પગલે અનેક જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા, જેથી ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

### શાહબુદ્દીન રાઠોડનું ફોર્મ નંબર ૭ ભરાયું!

# એસઆઈઆર કામગીરીમાં ગેરરીતિનો કોંગ્રેસનો આક્ષેપ

### આ સાથે જ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ મુદ્દે આકરા પ્રહારો કરી લોકોને પણ આ મામલે સાવચેત રહેવા તાકીદ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)ની કામગીરીમાં ગેરરીતિનો આક્ષેપ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. થાન ખાતે રહેતા હાસ્ય કલાકાર પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડનું ફોર્મ નં. ૭ ભરાયું હોવાનો આરોપ છે. મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં ગેરરીતિ થતી હોવાનો દાવો કરાયો છે.

આ સાથે જ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ મુદ્દે આકરા પ્રહારો કરી લોકોને પણ આ મામલે સાવચેત રહેવા તાકીદ કરી છે. ચોટીલાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ જણાવ્યું કે, સમગ્ર રાજ્યમાં અત્યારે ચૂંટણી પંચ દ્વારા એસઆઈઆરની કામગીરી ચાલી રહી છે.

ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ થઈ ચૂકી છે. જેમાં કોઈને વાંધો હોય તો ચૂંટણી પંચ દ્વારા વાંધા અરજી મંગાવવામાં આવી રહી છે. ચોટીલા મતવિસ્તારની ફોર્મ નંબર ૭ની વિગતો ચૂંટણી અધિકારી પાસેથી માગતા મળેલી યાદી ખૂબ જ ચોંકાવનારી છે. આમાંથી સૌથી ચોંકાવનારું નામ પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડનું સામે આવ્યું છે. તેમનું નામ પણ મતદાર યાદીમાંથી હટાવવા માટેની અરજી ભાજપના લોકોએ કરી છે.

તેમણે કહ્યું કે, તેનાથી પણ ચોંકાવનારી વાત એ છે કે કોઈ હિતેશ રાઠોડના નામથી અરજી કરવામાં આવી છે. તેને જિલ્લા ચૂંટણી અધિકારીની હાજરીમાં ફોન લાઉડ સ્પીકર ઉપર રાખી કોલ કરવામાં આવતાં તે નામનો વ્યક્તિ મળી આવ્યો નથી. તે નંબર રાજકોટના કોઈ અજાણ્યા વ્યક્તિનો છે.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક


### ૫૦થી વધુ લોકોની તબિયત બગડી

# ધોળકાના કૌકા ગામે લગ્ન પ્રસંગમાં મીઠાઈ ખાધા બાદ ફૂડ પોઈઝનિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના કૌકા ગામથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગત રાત્રિએ અહીં એક લગ્ન પ્રસંગમાં ભોજન લીધા બાદ મોટા પાયે ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે. વ્હોરા મુસ્લિમ સમાજના એક લગ્ન પ્રસંગમાં પીરસાયેલી મીઠાઈ ખાવાથી અચાનક લોકોની તબિયત લથડતા સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ છે.કૌકા ગામે આયોજિત લગ્ન પ્રસંગમાં પરંપરાગત 'સામસામે મીઠાની રસમ' હતી. ગ્રામજનોમાં ચર્ચા છે કે આ મીઠાઈ ખાધા બાદ જ લોકોને ઉલ્ટી અને ઉબકા આવવાની શરૂઆત થઈ હતી. જોતજોતામાં બીમાર લોકોનો આંકડો ૫૦ને પાર કરી ગયો હતો. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે તાત્કાલિક ધોળકા અને વટામણ સહિતના વિસ્તારોમાંથી ૫ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે બોલાવવી પડી હતી.દર્દીઓની સંખ્યા વધારે હોવાથી ગામની નૂર હાઈસ્કૂલ ખાતે જ તમામ લોકોને ખસેડવામાં આવ્યા હતા અને ત્યાં જ કામચલાઉ હોસ્પિટલ જેવું વાતાવરણ ઉભું કરી સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઈ ગઈ હતી.જે પૈકી ૫ લોકોની હાલત વધુ નાજુક જણાતા તેમને તાત્કાલિક ધોળકાની હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતા જ આરોગ્ય વિભાગની ટીમ કાફલા સાથે કૌકા ગામે પહોંચી હતી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ખાણી-પીણીના નમૂના લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. હાલમાં તમામ દર્દીઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.


RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

વર્કશોપમાં પોલીસતંત્ર, વહીવટીતંત્ર અને વિવિધ વિભાગના અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધોઃ બાળકોના અધિકારોની સુરક્ષા અંગે સૌ સંકલ્પબદ્ધ થયા

# કામરેજ ખાતે બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા 'સુરક્ષિત બાળકઃ સુવિકસિત ભારત' અંતર્ગત ઝોનલ વર્કશોપ યોજાયો

**બાળકોના અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી સરકારી વ્યવસ્થાતંત્ર, કુટુંબ અને સમગ્ર સમાજની સહિયારી છેઃ આયોગના ચેરપર્સન ધર્મિષ્ઠાબેન ગજ્જર**








માહિતી બ્યુરોઃસુરત

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા સુરત જિલ્લાના કામરેજ ખાતે દક્ષિણ ગુજરાત ઝોન માટે 'બાળ અધિકારોઃ જાગૃતતા અભિયાન' અંતર્ગત એક વિશેષ વર્કશોપ યોજાયો હતો. 'સુરક્ષિત બાળક, સુવિકસિત ભારત'ના સંકલ્પ સાથે દક્ષિણ ગુજરાતના સુરત સહિત ભરૂચ, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ એમ ૬ જિલ્લાના ૮૦૦ જેટલા પ્રતિનિધિઓ માટે દલપત રામા ભવન, રામકબીર શૈક્ષણિક સંકુલ, કામરેજમાં આયોજિત વર્કશોપમાં બાળકોના સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા અને સહભાગિતા જેવા ચાર મુખ્ય વિષયો પર અલગ અલગ નિષ્ણાંતો દ્વારા જાણકારી અને તાલીમ આપવામાં આવી હતી.

આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય બાળ અધિકારો પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને બાળકો માટે એક સુરક્ષિત વાતાવરણ નિર્માણ કરવાનો હતો. વર્કશોપમાં પોલીસતંત્ર, વહીવટીતંત્ર અને વિવિધ વિભાગના અધિકારીઓ તેમજ શાળાના આચાર્યો, શિક્ષકો, પોલીસ વિભાગ, કાયદા વિભાગના અધિકારી-કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને બાળકોના અધિકારોની સુરક્ષા અંગે સૌ સંકલ્પબદ્ધ થયા હતા. આ પ્રસંગે સુરત જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ પારધીએ જણાવ્યું હતું કે, બાળકો એ રાષ્ટ્રની સાચી સંપત્તિ છે. તેમના સુરક્ષિત વર્તમાનમાં જ ભારતનું સુવિકસિત ભવિષ્ય છુપાયેલું છે. વહીવટીતંત્રના દરેક વિભાગે સંકલન સાધીને એ સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈ પણ બાળક તેના મૂળભૂત અધિકારોથી વંચિત ન રહે. ખાસ કરીને છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચે અને 'ચાઈલ્ડ સેફ્ટી'ના પ્રોટોકોલ્સનું ચુસ્ત પાલન થાય તે આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું કે, બાળકોના હિતો અને તેમના અધિકારો માટે કામ કરતા જાહેર વિભાગોના અધિકારી-કર્મચારીઓએ આ કાર્યશિબિરમાંથી ઉમદા ભાથું શીખી વહીવટી સ્તરે બાળકોના કલ્યાણ માટેની દરેક નીતિમાં અમલીકૃત કરે એ માટે સૌના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષા શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જરે પ્રાસંગિક ઉદબોધન આપી બાળકોના સુરક્ષિત ભવિષ્ય માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બાળકોના અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી સરકારી વ્યવસ્થાતંત્ર, કુટુંબ અને સમગ્ર સમાજની સહિયારી છે એવો મત તેમણે વ્યકત કર્યો હતો. પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહેલોતે પોલીસ વિભાગ દ્વારા બાળકો અને મહિલાઓની સુરક્ષા માટે લેવામાં આવતા પગલાં વિષે જણાવી તેમની સુરક્ષા એ પોલીસ વિભાગની પ્રાથમિકતા હોવાનું કહ્યું હતું.

જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી વિજયભાઈ પરમારે શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કાર્યક્રમના વિવિધ સત્રોમાં નિષ્ણાતો દ્વારા બાળઅધિકારો અને સુરક્ષાના વિવિધ વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. પ્રથમ સત્રમાં આયોગના સચિવ શ્રી ડી.ડી. કાપડિયાએ આયોગની કામગીરી અને કાયદાકીય જોગવાઈઓ વિશે પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી હતી, જ્યારે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ શ્રી ડી.આર. જોશીએ POCSO અને જે.જે. એક્ટના અસરકારક અમલીકરણ અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જિજ્ઞાબેન સોનીની પેનલ દ્વારા ઓપન હાઉસ ચર્ચા યોજાઈ હતી. બીજા અને ત્રીજા સત્રમાં બાળ શ્રમિકોના પડકારો અંગે શ્રી એચ.એસ. ગામિત અને બાળ માનસની સમસ્યાઓ અંગે ડો. નવીનભાઈ પટેલે વક્તવ્ય આપ્યું હતું. જિ. સમાજ સુરક્ષા અધિકારી શ્રી પટેલે આભાર વિધિ કરી હતી.

પોક્સો (POCSO) એક્ટ અને રાઈટ ટુ એજ્યુકેશન (RTE) જેવા કાયદાઓના અસરકારક અમલીકરણ માટે વિવિધ વિભાગો વચ્ચે સંકલન સાધવા, પડકારો પર ચર્ચા કરવા અને શ્રેષ્ઠ પદ્ધતિઓના આદાન-પ્રદાન માટે વિષય નિષ્ણાંતોએ સમજ આપી હતી. ઉપસ્થિત સૌએ બાળ સુરક્ષા સંકલ્પ ગ્રહણ કર્યા હતા. આ કાર્ય શિબિરમાં સમાજ સુરક્ષા અધિકારી શ્રી પટેલ, આસિસ્ટન્ટ લેબર કમિશ્નર શ્રી એચ.એસ ગામીત, પ્રાદેશિક માહિતી કચેરીના સંયુક્ત માહિતી નિયામક શ્રી અરવિંદ મછાર, શ્રી કમલેશ રાઠોડ, શ્રીમતી અમૃતાબેન અખિયા, શ્રીમતી વર્ષાબેન પટેલ, બાળ આયોગના સભ્યોએ ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સાબરમતીમાં ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમના કાર્યને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં અમદાવાદ–વિરમગામ રેલખંડ પર સાબરમતી 'એ' કેબિન (SBT-A) અને સાબરમતી (SBT-E) વચ્ચે ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમના કમિશનિંગ કાર્ય માટે ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પ્રસ્તાવિત બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

આંશિક રૂપે નિરસ્ત ટ્રેનો :

૧. તારીખ ૨૭.૦૧.૨૦૨૬ની ટ્રેન નંબર ૨૦૯૦૧/૨૦૯૦૨ મુંબઈ સેન્ટ્રલ–ગાંધીનગર કેપિટલ–મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ અમદાવાદ અને ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨. તારીખ ૨૭.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૨૨૯૨૬ ઓખા–અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ (૦૧-ટ્રિપ) તેના નિર્ધારિત માર્ગ વિરમગામ–સાણંદ–સાબરમતી (જેલ સાઈડ)–અમદાવાદના બદલે પરિવર્તિત માર્ગ વાયા વિરમગામ–કટોસન રોડ–કલોલ–સાબરમતી બીજી ના રસ્તે ચાલશે તથા સાબરમતી બીજી સ્ટેશન (ધર્મનગર સાઈડ) પર શોર્ટ ટર્મિનેટ થશે. ઉપરાંત, આ ટ્રેન સાબરમતી બીજી (ધર્મનગર સાઈડ) અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. આ દરમ્યાન ટ્રેન સાણંદ, સાબરમતી જં. (જેલ સાઈડ) અને અમદાવાદ નહીં જાય.

સંપૂર્ણ રદ ટ્રેનો

૧. તારીખ ૨૬.૦૧.૨૦૨૬ તથા ૨૭.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૬૯૧૮૫ અમદાવાદ–વિરમગામ મેમૂ રદ રહેશે.

૨. તારીખ ૨૭.૦૧.૨૦૨૬ તથા ૨૮.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૬૯૧૮૬ વિરમગામ–અમદાવાદ મેમૂ રદ રહેશે.

૩. તારીખ ૨૬.૦૧.૨૦૨૬ તથા ૨૭.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૨૨૯૫૯ વડોદરા–જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે.

૪. તારીખ ૨૭.૦૧.૨૦૨૬ તથા ૨૮.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૨૨૯૬૦ જામનગર–વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે.

૫. તારીખ ૨૭.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૨૦૯૫૯/૨૦૯૬૦ વલસાડ–વડનગર–વલસાડ ઈન્ટરસિટી સુપરફાસ્ટ એક્સપ્રેસ રદ રહેશે.

માર્ગ પરિવર્તિત ટ્રેનો

૧. તારીખ ૨૭.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૧૪૮૦૭ જોધપુર–દાદર એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ ખોડિયાર–સાબરમતી બીજીના બદલે પરિવર્તિત માર્ગ વાયા ખોડિયાર–ચાંદલોડિયા–સાબરમતી 'એ' કેબિન–અમદાવાદ ના રસ્તે ચાલશે. આ દરમિયાન, આ ટ્રેન સાબરમતી બીજી (ધર્મનગર સાઈડ)ના બદલે સાબરમતી સ્ટેશન (જેલ સાઈડ) પર રોકાશે.

૨. તારીખ ૨૬.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૧૯૦૩૨ યોગ નગરી ઋષિકેશ–સાબરમતી યોગા એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ ખોડિયાર–સાબરમતી બીજીના બદલે પરિવર્તિત માર્ગ વાયા ખોડિયાર–ચાંદલોડિયા–સાબરમતી 'એ' કેબિન ના રસ્તે ચાલશે. આ દરમિયાન, આ ટ્રેન સાબરમતી બીજી (ધર્મનગર સાઈડ)ના બદલે સાબરમતી સ્ટેશન (જેલ સાઈડ) પર જશે.

૩. તારીખ ૨૬.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૧૪૮૦૫ યશવંતપુર–બાડમેર એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ અમદાવાદ–સાબરમતી બીજી–ખોડિયારના બદલે પરિવર્તિત માર્ગ વાયા અમદાવાદ–સાબરમતી 'એ' કેબિન–ચાંદલોડિયા–ખોડિયાર ના રસ્તે ચાલશે. આ દરમિયાન, આ ટ્રેન સાબરમતી બીજી (ધર્મનગર સાઈડ)ના બદલે સાબરમતી સ્ટેશન (જેલ સાઈડ) પર રોકાશે.

૪. તારીખ ૨૭.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૧૨૨૧૬ બાંદ્રા ટર્મિનસ–દિલ્લી સરાય રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ અમદાવાદ–સાબરમતી બીજી (ધર્મનગર સાઈડ)–ખોડિયારના બદલે પરિવર્તિત માર્ગ વાયા અમદાવાદ–સાબરમતી 'એ' કેબિન–ચાંદલોડિયા–ખોડિયાર ના રસ્તે ચાલશે.

૫.તારીખ ૨૭.૦૧.૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૧૧૦૮૯ ભગત કી કોઠી–પુણે એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ ખોડિયાર–સાબરમતી બીજી (ધર્મનગર સાઈડ)ના બદલે પરિવર્તિત માર્ગ વાયા ખોડિયાર–ચાંદલોડિયા–સાબરમતી 'એ' કેબિન ના રસ્તે ચાલશે.

યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે . વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને રેલવેની અધિકૃત વેબસાઈટ www. enquiry. indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

''સમ્રાટ'' સામત ગઢવી દ્વારા યુવાનોને પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં

## AAP દ્વારા હિંમતનગરમાં ફ્રી કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

**AAP દ્વારા સાબરકાંઠાના યુવાનોને કારકિર્દી અંગે દિશા આપવાનો પ્રયાસઃ સામત ગઢવી AAP**

અમદાવાદ/સાબરકાંઠા/ગુજરાત

આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ મહામંત્રી સામત ગઢવીની આગેવાનીમાં ફ્રી કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના યુવાનોને સરકારી નોકરી કઈ રીતે મળી શકે, તેની સંપૂર્ણ માહિતી, માર્ગદર્શન અને મોટીવેશન આપવા માટે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના પ્રથમ બેંકવેટ ખાતે ફ્રી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરની પ્રખ્યાત એંજલ એકેડમીના સંચાલક "સમ્રાટ" સામત ગઢવીએ મુખ્ય વક્તા તરીકે હાજરી આપી હતી અને મુખ્ય માર્ગદર્શક તરીકે યુવાનોને સંપૂર્ણ માહિતી પૂરી પાડી હતી. સાથે સાથે આ કાર્યક્રમમાં ઉત્તર ઝોન પ્રભારી અને રાષ્ટ્રીય નેતા રાજેશ શર્મા તથા આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખ ASAP પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયા સહિત મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સામત ગઢવીએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ, કારકિર્દીના વિવિધ વિકલ્પો અને સફળતાના મંત્રો વિશે પ્રેરણાદાયી અને યોગ્ય માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે સામત ગઢવીએ જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમો દ્વારા યુવાનોને તેમના ભવિષ્યના માર્ગને વધુ મજબૂત અને સ્પષ્ટ બનાવવામાં મદદ મળે છે. સમગ્ર આમ આદમી પાર્ટી આ પ્રશંસનીય પહેલ માટે અભિનંદનને પાત્ર છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો હાજર રહ્યા હતા. નવા શરૂ થયેલા વર્ષ ૨૦૨૬ માં યુવાનોને સરકારી નોકરીઓ કઈ રીતે મળે, એની સંપૂર્ણ રૂપરેખા અમે યુવાનો સમક્ષ મૂકી હતી.

## ઈજનેરી કાર્યને કારણે કાનાલુસ–પોરબંદર અને પોરબંદર–કાનાલુસ લોકલ ટ્રેનોનું સંચાલન ૨૮ ફેબ્રુઆરી સુધી ગોપ જામ સ્ટેશન પરથી થશે

રાજકોટ મંડળના કાનાલુસ સ્ટેશન પર પ્લેટફોર્મ મરામત કાર્ય ચાલી રહેલ હોવાથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી કાનાલુસ–પોરબંદર અને પોરબંદર–કાનાલુસ લોકલ ટ્રેનોનું સંચાલન આંશિક રીતે પ્રભાવિત રહેશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર, પ્રભાવિત ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

આંશિક રીતે પ્રભાવિત ટ્રેનો

- ટ્રેન નંબર ૫૯૨૦૬ પોરબંદર–કાનાલુસ લોકલ


આ ટ્રેન ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી પોરબંદરથી પ્રસ્થાન કરીને ગોપજામ સ્ટેશન સુધી જ ચાલશે તેમજ ગોપજામ–કાનાલુસ સેક્શન વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

- ટ્રેન નંબર ૫૯૨૦૫ કાનાલુસ–પોરબંદર લોકલ

આ ટ્રેન ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી કાનાલુસની બદલે ગોપજામ સ્ટેશનથી ચાલશે અને કાનાલુસ–ગોપજામ સેક્શન વચ્ચે આંશિક રીતે રદ રહેશે. રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ માહિતી માટે મુસાફરો વેબસાઈટ www. enquiry. indianrail. gov.in પર અવલોકન કરે, જેથી કોઈ પ્રકારની અસુવિધા ન થાય.

## ખારીકટ કેનાલ પ્રોજેક્ટમાં તંત્રના સંકલનનો અભાવઃ પાણી છોડાતા કેનાલના નવીનીકરણ પર લાગી બ્રેક

**સિંચાઈ વિભાગે અચાનક ખારીકટ કેનાલમાં પાણી છોડતા કોન્ટ્રાક્ટરે અધવચ્ચે કામ રોકી દેવાની ફરજ પડી**





(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની ઓળખ સમાન ખારીકટ કેનાલના નવીનીકરણના કામમાં તંત્રના સંકલનનો અભાવ છતો થયો છે. એક તરફ કેનાલને પાકી બનાવવાની કરોડોની કામગીરી ચાલી રહી છે, ત્યારે બીજી તરફ સિંચાઈ વિભાગે અચાનક પાણી છોડતા કોન્ટ્રાક્ટરે અધવચ્ચે કામ રોકી દેવાની ફરજ પડી છે. ખેડૂતોના હિતમાં પાણી છોડાયું તે આવકાર્ય છે, પરંતુ શું તંત્રને ખબર નહોતી કે કેનાલનું કામ ચાલુ છે? તેવા સવાલો હવે ઊઠી રહ્યા છે.

સિંચાઈ વિભાગ અને કેનાલનું બાંધકામ કરતા વિભાગ વચ્ચે સંકલન હોવું અનિવાર્ય છે. જો પાછોતરા વરસાદને કારણે ખેડૂતોને પાણીની જરૂર હતી, તો તેનું પૂર્વ આયોજન કેમ ન કરાયું? વસ્ત્રાલમાં ભાવના સ્કૂલ પાસે કેનાલનું કામ પૂરજોશમાં ચાલતું હતું, ત્યારે અચાનક પાણી છોડવામાં આવતા સ્થળ પર દોડધામ મચી ગઈ હતી.

કામગીરીમાં જોડાયેલા ભારે મશીનો અને સાધનો પાણીમાં ડૂબી ન જાય તે માટે યુદ્ધના ધોરણે તેમને કેનાલની બહાર કાઢવા પડ્યા હતા. આનાથી કામમાં વિલંબ થવાની સાથે સરકારી નાણાં અને સમયનો પણ વ્યય થયો છે.

દસક્રોઈના ધારાસભ્ય બાબુ જમના પટેલે ખેડૂતોની રજૂઆતને પગલે સિંચાઈ વિભાગને પાણી છોડવા જણાવ્યું હતું.

ધારાસભ્યનું પગલું ખેડૂતો માટે રાહત સમાન છે, પરંતુ સવાલ એ છે કે સિંચાઈ વિભાગે કામ કરી રહેલા કોન્ટ્રાક્ટરને અગાઉથી જાણ કેમ ન કરી? શું તંત્ર પાસે આવી સ્થિતિને પહોંચી વળવા માટે કોઈ બેકઅપ પ્લાન નહોતો?

ધારાસભ્યના જણાવ્યા મુજબ, ખેતી માટે ઓછામાં ઓછા બે મહિના પાણી આપવું પડે તેમ છે. એટલે કે ખારીકટ કેનાલના નવીનીકરણનું કામ હવે બે મહિના સુધી ઠપ્પ થઈ જશે. ચોમાસા પૂર્વે કામ પૂર્ણ કરવાની ગણતરી રાખતા તંત્ર માટે આ મોટો ફટકો છે.

અમેરિકામાં ચોંકાવનારી ઘટના

## ભારતીય મૂળના વ્યક્તિએ પત્ની સહિત ચાર લોકોની કરી હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)જોર્જિયા

અમેરિકાના જોર્જિયા રાજ્યમાં એક પારિવારિક વિવાદમાં થયેલી ગોળીબારીમાં એક ભારતીય મૂળની મહિલાનું મોત થયું છે.

આ ઘટના શુક્રવાર (૨૬ જાન્યુઆરી ૨૦૨૬) સવારો લોરેન્સિવિલ શહેરમાં થઈ. જ્યાં એક ઘરની અંદર ચાર લોકોને ગોળી મારવામાં આવી છે. ઘટના સમયે ત્રણ બાળકો પણ હાજર હતા, જે પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યાં છે.

એટલાન્ટા સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે આ ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે. દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જણાવ્યું કે આ ઘટના કથિત રીતે પારિવારિક વિવાદ સાથે જોડાયેલી છે અને તેમાં એક ભારતીય નાગરિકનું મોત થયું છે. દૂતાવાસે કહ્યુ કે આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે અને પીડિત પરિવારને દરેક સંભવ મદદ કરવામાં આવી રહી છે.

પોલીસે આરોપીની ઓળખ એટલાન્ટા નિવાસી ૫૧ વર્ષીય વિજય કુમારના રૂપમાં કરી છે. પોલીસ અનુસાર મૃતકોમાં વિજય કુમારની પત્ની મીમૂ ડોગરા (૪૩), ગૌરવ કુમાર (૩૩), નિધિ ચંદર (૩૭) અને હરિશ ચંદર (૩૮) સામેલ છે. વિજય કુમાર પર ચાર લોકોની હત્યા, ગંભીર હુમલો અને બાળકો પ્રત્યે ક્રૂરતા સહિત ઘણી ગંભીર કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

આ દુખદાયક ઘટના દરમિયાન ઘરમાં હાજર ત્રણ બાળકો ખુદને બચાવવામાં સફળ રહ્યાં. પોલીસ અનુસાર ગોળીબારી શરૂ થતાં બાળકો એક માળિયામાં છુપાય ગયા. તેમાંથી એક બાળકે હિંમત દાખવી ૯૧૧ પર કોલ કરી પોલીસને ઘટનાની જાણકારી આપી. બાળકોને કોઈ નુકસાન થયું નથી અને તેને પરિવારના એક સભ્યના હવાલે કરી દેવામાં આવ્યા છે.

## રાજ્યના ૧.૭૩ કરોડ મતદારોનો ડેટા મેચ ન થતાં ચૂંટણી તંત્રની નોટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં બહાર પડેલી ડ્રાફ્ટ મતદાર યાદીના રિવિઝન બાદ ચૂંટણી તંત્ર સામે મોટો પડકાર ઉભો થયો છે. રાજ્યમાં જાહેર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં સમાવિષ્ટ કુલ ૪.૩૪ કરોડ મતદારોમાંથી અંદાજે ૧.૭૩ કરોડ મતદારોનો ડેટા અગાઉની મતદાર યાદી સાથે મેચ ન થતાં ચૂંટણી તંત્ર હરકતમાં આવ્યું છે. આટલા મોટા પ્રમાણમાં ડેટા મિસમેચ થવાને કારણે મતદાર યાદીની વિશ્વસનીયતા અને પ્રક્રિયાની પારદર્શકતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ચૂંટણી વિભાગ દ્વારા મળેલી માહિતી મુજબ, આ મતદારોના નામ, ઉંમર, સરનામા સહિતની વિગતો વર્ષ ૨૦૦૨ની જૂની મતદાર યાદી સાથે મેળ ખાતી નથી. આ કારણે સંબંધિત મતદારોને બીએલઓ (બૂથ લેવલ ઓફિસર) મારફતે નોટિસ પાઠવીને પંચ સમક્ષ રૂબરૂ હાજર થવા સૂચના આપવામાં આવી છે. રાજ્યભરમાં લાખો મતદારોને નોટિસ મળતા રાજકીય અને વહીવટી સ્તરે ચર્ચા તેજ બની છે. ચૂંટણી વિભાગના સૂત્રો જણાવે છે કે આ ખામીઓને "લોજિકલ ડિસ્ક્રિપન્સી" અને "નો મેપિંગ" તરીકે ગણવામાં આવી છે. જૂની મતદાર યાદીમાં અનેક કિસ્સાઓમાં ટેક્નિકલ અને માનવ ભૂલો સામે આવી છે. ક્યાંક ઘર નંબરને ભૂલથી મતદારની ઉંમર તરીકે નોંધવામાં આવ્યો હતો, તો ક્યાંક નામની સ્પેલિંગમાં તફાવત, સરનામામાં ખામી કે અધૂરી માહિતીના કારણે ડેટા મેચ થયો નથી. આ ભૂલો મોટા ભાગે મતદારોની નહીં પરંતુ અગાઉની ડેટા એન્ટ્રી પ્રક્રિયાની હોવાનું અધિકારીઓ માની રહ્યા છે.


ચોંકાવનારી બાબત એ છે કે, અગાઉ ચૂંટણી પંચની સ્પષ્ટ સૂચના હતી કે જેમણે પોતાના દસ્તાવેજો બીએલઓ, ઈઆરઓ કે એઈઆરઓને આપી દીધા છે, તેમને ફરીથી નોટિસ આપવાની નથી. તેમ છતાં રાજ્યના અનેક વિસ્તારોમાંથી આવા મતદારોને પણ નોટિસ મળ્યાની ફરિયાદો સામે આવી છે. મતદારોનું કહેવું છે કે તમામ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ ફરીથી હાજર થવાની ફરજ પડતા ગેરસમજ અને અસંતોષ ફેલાયો છે. ચૂંટણી તંત્રનું કહેવું છે કે આ ખામીઓ મતદારોની ભૂલ નથી, પરંતુ મતદાર યાદીની શુદ્ધતા અને સચોટતા જાળવવા માટે રૂબરૂ ચકાસણી જરૂરી બની છે. અધિકારીઓ મુજબ જો આ તબક્કે ચકાસણી ન કરવામાં આવે તો ભવિષ્યમાં મતાધિકાર સંબંધિત વિવાદો ઊભા થઈ શકે છે.

ઓલિમ્પિક સપનાને પાંખઃ શિક્ષણ મંત્રીશ્રીનું વિદ્યાર્થીઓને રમતગમત સાથે શિક્ષણમાં ઉત્કૃષ્ટતા માટે પ્રોત્સાહન

# શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને ધોળકાની સરસ્વતી વિદ્યાલયનો શ્રેષ્ઠ શાળા સમ્માન સમારોહ યોજાયો

## શિક્ષણ એ શક્તિશાળી હથિયાર છે, જેનાથી વિશ્વમાં પરિવર્તન લાવી શકાય છે-શિક્ષણમંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા





રાજ્યના શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને ધોળકાની બી.પી. દાવડા સરસ્વતી વિદ્યાલય ખાતે શ્રેષ્ઠ શાળા સમ્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધતા શિક્ષણમંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે ભારત ભવિષ્યમાં ઓલિમ્પિક રમતોનું આયોજન કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આવી સ્થિતિમાં યુવા પેઢીએ રમતગમત ક્ષેત્રે સક્રિય ભાગ લઈ દેશનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કરવું જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે રમતગમતમાં પણ ઉત્તમ પ્રદર્શન કરવા પ્રેરિત કર્યા હતા. તેમણે શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે, “શિક્ષણ એ શક્તિશાળી હથિયાર છે, જેનાથી વિશ્વમાં પરિવર્તન લાવી શકાય છે.” શિક્ષણ વ્યક્તિના સર્વાંગી વિકાસનું સાધન હોવાનું જણાવતા તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત, મહેનત અને લક્ષ્યપ્રાપ્તિ માટે સતત પ્રયત્નશીલ રહેવાનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ડિજિટલ યુગમાં શિક્ષણ વ્યવસ્થામાં ટેક્નોલોજીનું વધતું મહત્વ સ્વીકારતાં, વિદ્યાર્થીઓ મોબાઈલનો ઉપયોગ અભ્યાસ માટે સકારાત્મક રીતે કરે અને અનાવશ્યક ઉપયોગથી દૂર રહે - તે અંગે માર્ગદર્શન આપવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. આ પ્રસંગે શિક્ષણક્ષેત્ર સાથે જોડાયેલા વર્તુળોમાં ટેક્નોલોજી અને મોબાઈલ વપરાશ અંગે સંતુલિત અભિગમની પણ ચર્ચા થઈ હતી. કાર્યક્રમના અંતે શિક્ષણમંત્રીશ્રીએ તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમારોહ બાદ શિક્ષણમંત્રી ડૉ. વાજાએ ધોળકા તાલુકાના રનોડા ગામે આવેલ વીર મેઘમાયા મંદિર ખાતે જઈ પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. આ કાર્યક્રમમાં ધોળકાના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી, શાળાના ટ્રસ્ટીઓ, પ્રિન્સિપાલ, શિક્ષકો, સંચાલકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહ દરમિયાન વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં ખાસ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

મણિનગર રેલવે સ્ટેશન ખાતે AAP અમદાવાદ શહેર સંગઠન દ્વારા વિરોધ પ્રદર્શન

# શંકરાચાર્ય શ્રી અવિમુક્તેશ્વરાનંદજી સાથેના દુર્વ્યવહાર સામે AAP દ્વારા પ્રચંડ વિરોધ

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટી અમદાવાદ શહેર સમિતિ દ્વારા પ્રયાગરાજમાં જગદગુરુ શંકરાચાર્ય શ્રી અવિમુક્તેશ્વરાનંદજી સાથે થયેલ દુર્વ્યવહારને લઈને વિરોધ પ્રદર્શનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેર પ્રમુખ વિજય પટેલ, માલધારી સેલ પ્રદેશ પ્રમુખ ગુજરાત કિરણ દેસાઈ, ASAP મધ્ય ઝોન પ્રમુખ યાત્રિક પટેલ, ASAP અમદાવાદ શહેર પ્રમુખ તીર્થ શ્રીમાળી, મહિલા શહેર પ્રમુખ સિદ્ધિબેન ભાવસાર, અમદાવાદ શહેર ઉપપ્રમુખ અલ્પેશ સોલંકી, અમદાવાદ શહેર ઉપપ્રમુખ દિનેશ ટાંક, અમદાવાદ શહેર મંત્રી મુકેશભાઈ, અસારવા વિધાનસભા પ્રભારી જગદીશ વણઝારા, યુવા મંત્રી અમદાવાદ શહેર કશ્યપ પટેલ, થલતેજ વોર્ડ પ્રમુખ ચિરાગભાઈ દેસાઈ સહિત સ્થાનિક પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ભાજપ સરકારે ફરી એકવાર પોલીસનો દુરૂપયોગ કરીને આમ આદમી પાર્ટીના નેતાઓ તથા કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના અમદાવાદ શહેર પ્રમુખ વિજય પટેલે જણાવ્યું હતું કે, ભાજપ રાજનૈતિક પાર્ટી નથી પણ એક કોર્પોરેટ કંપની છે જે જરૂરિયાત પ્રમાણે ધર્મનો, સાધુ-સંતોનો ઉપયોગ કરીને સત્તા પર બેઠી છે પણ વાસ્તવિકતામાં ભાજપને સનાતન ધર્મથી કોઈ લેવાદેવા નથી. જ્યોતિષ મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદજી સાથે ભાજપ પ્રશાસને જે રીતનું વર્તન કર્યું છે તે અત્યંત નિંદનીય છે, તેમના શિષ્યો સાથે પણ જે રીતનું વર્તન થયું છે, તે જોઈને હિંદુઓની આસ્થા દુભાઈ છે. આજે ભાજપને સત્તાનો એટલો અહંકાર છે કે હિંદુ પરંપરામાં સર્વેસર્વા કહેવાતા શંકરાચાર્ય પાસે ભાજપશંકરાચાર્ય હોવાનું પ્રમાણપત્ર માંગે છે, જે ખૂબ જ નિંદનીય બાબત છે.

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદજી સાથે જે રીતનું વર્તન થયું છે તેના માટે ભાજપ માફી માંગે, તે માંગ સાથે આજે આમ આદમી પાર્ટી અમદાવાદ શહેર સંગઠન દ્વારા મણિનગર રેલવે સ્ટેશન ખાતે પ્રચંડ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# મતદારોના નામ કાપવાના ષડયંત્ર મામલે આમ આદમી પાર્ટીની ઈલેક્શન કમિશનમાં રજૂઆત

અમદાવાદ/ગુજરાત

અમદાવાદ ખાતે આમ આદમી પાર્ટીના લીગલ સેલ પ્રદેશ અધ્યક્ષ પ્રણવ ઠક્કર, પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈ, તેમજ આમ આદમી પાર્ટીના નેતાઓ નિતિન બરોટ, જીતુ ઉપાધ્યાય, પીયુષભાઈ, રાકેશ મહેરિયા અને મેહુલ શ્રીમાળી ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા.

આ તકે પ્રણવ ઠક્કરે જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીની ટીમ ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા ખાતે રજૂઆત કરવા ગયા હતા. જે અંગે તમામ સંબંધિત અધિકારીઓને ઈમેલ દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે તેમજ લેખિતમાં પણ રજૂઆત કરવામાં આવી છે. અમારી મુખ્ય માંગ એ છે કે ફોર્મ નં. ૭ જે રાજકીય વોલન્ટિયર્સ દ્વારા ભરવામાં આવ્યા છે, તે અમને તાત્કાલિક આપવામાં આવે જેથી તેની યોગ્ય રીતે ચકાસણી કરી શકાય. હાલમાં જે રીતે મોટા પાયે મતદારોના નામ કાઢવા માટે ફોર્મ નં. ૭ની અરજીઓ કરવામાં આવી રહી છે, તે શંકાસ્પદ છે. કેટલાક ભાજપના કાર્યકરો દ્વારા વિરોધ પક્ષના મત કાપવાનો ષડયંત્રપૂર્વક પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અંગે અમારે પાસે પુરાવાઓ ઉપલબ્ધ છે અને હજુ વધુ પુરાવાઓ એકત્ર થઈ રહ્યા છે.

પ્રણવ ઠક્કરે વધુમાં જણાવ્યું હતું કે જો આટલા મોટા પ્રમાણમાં એટલે કે સાડા નવ લાખ જેટલી ફોર્મ નં. ૭ની અરજીઓ આવે છે અને જો તેને ERO દ્વારા સ્વીકારવામાં આવે, તો એ સ્પષ્ટ થાય છે કે ક્યાંક B.L.O.ની કામગીરીમાં ગંભીર ખામીઓ છે અથવા કોઈ vested interest હેઠળ કામગીરી થઈ રહી છે. જો કોઈ સરકારી અધિકારી કાયદા વિરુદ્ધ કામગીરી કરતો હોવાનું સામે આવશે, તો આમ આદમી પાર્ટી તેની સામે કાયદેસર અને ફોજદારી કાર્યવાહી કરશે. તેમણે ઉમેર્યું કે જો ફોર્મ નં. ૭ ખોટી રીતે ભરવામાં આવ્યા હોવાનું સાબિત થશે, તો તે ફોર્મ ભરનારાઓ સામે પણ આગામી સમયમાં ફરિયાદ દાખલ કરવામાં આવશે. જે વિસ્તારોમાં ગેરરીતિ થઈ હોવાનું સામે આવશે ત્યાં સંબંધિત B.L.O. અને E.R.O. સામે પણ કડક કાર્યવાહી માટે દબાણ કરવામાં આવશે.

મતદાર યાદી સુધારણા દરમિયાન કોઈપણ પ્રકારનું ડિમોલિશન ન કરવામાં આવે. આ અંગે ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયાનો વર્ષ ૨૦૦૫નો સ્પષ્ટ ઓર્ડર પણ રજૂ કરવામાં આવ્યો છે. જો આ સમયગાળામાં ડિમોલિશન થાય તો લોકો તેમના મતાધિકારથી વંચિત રહી શકે છે. અંતમાં પ્રણવ ઠક્કરે તમામ B.L.O., E.R.O., કલેક્ટરો અને સંબંધિત અધિકારીઓને અપીલ કરી કે તેઓ કાયદા મુજબ તટસ્થ રીતે કાર્યવાહી કરે. જો સત્તાધીશો દ્વારા યોગ્ય પગલાં નહીં લેવામાં આવે તો આમ આદમી પાર્ટી પોતે કાયદેસર કાર્યવાહી કરવા મજબૂર થશે.

# હવામાન વિભાગની આગાહી સામે આવીઃ આગામી ૭ દિવસ દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓનું વાતાવરણ સૂકું રહેશે

## લઘુત્તમ તાપમાનની વાત કરીએ તો, આગામી ૩ દિવસ સુધી ૨થી ૫ ડિગ્રી તાપમાનમાં વધારો થવાનું અનુમાન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ફરી એક વખત ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યું છે. સુસવાટા મારતાં પવનો વચ્ચે પારો ગગડતાં રાજ્યવાસીઓ કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આવામાં તાપમાનની વાત કરીએ તો, સૌથી ઓછું તાપમાન નલિયામાં ૫ ડિગ્રી નોંધાયું છે.

આવામાં હવે આગામી દિવસો દરમિયાન રાજ્યનું હવામાન કેવું રહેશે તે અંગે હવામાન વિભાગની આગાહી સામે આવી છે. શું આગામી દિવસોમાં રાજ્યમાં કમોસમી વરસાદનો કોઈ ખતરો છે કે પછી ઠંડીનું જોર વધશે? તે અંગે હવામાન વિભાગની આગાહી સામે આવી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, આગામી ૭ દિવસ દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓનું વાતાવરણ સૂકું રહેશે. લઘુત્તમ તાપમાનની વાત કરીએ તો, આગામી ૩ દિવસ સુધી ૨થી ૫ ડિગ્રી તાપમાનમાં વધારો થવાનું અનુમાન છે. જે બાદ લઘુત્તમ તાપમાનમાં ૩થી ૫ ડિગ્રી સેલ્સિયસ ઘટાડાનું અનુમાન છે.સિસ્ટમની વાત કરતાં તેમણે જણાવ્યું કે, આગામી ૨૬ જાન્યુઆરીએ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર પશ્ચિમ ભારતને એપ્રોચ કરશે, તેને ધ્યાનમાં રાખીને આગામી ત્રણ દિવસ સુધી લઘુત્તમ તાપમાન ૩થી ૫ ડિગ્રી વધે અને તે બાદ ૩થી ૫ ડિગ્રી ઘટાડાનું અનુમાન છે.

આ સાથે જ તેમણે કહ્યું કે, એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થયું છે, જેના લીધે ઉત્તરથી ઉત્તર પૂર્વ તરફ પવન ફૂંકાઈ રહ્યો હતો. તેના લીધે છેલ્લા ૨૪ કલાકમાં પારો ગગડ્યો છે. જે બાદ હવે પવનની દિશા થોડી બદલાઈ રહી છે.

નોંધનીય છે કે, રાજ્યના અન્ય શહેરોના તાપમાનની વાત કરીએ તો, ડીસા ૮.૪, અમરેલી ૯.૪, ભુજ ૯.૮, રાજકોટ ૯.૫, પોરબંદર ૧૦.૨, ગાંધીનગર ૧૧, કંડલા ૧૨, દ્વારકા ૧૨.૨, અમદાવાદ ૧૨.૫, બરોડા ૧૨.૦૮, સુરત ૧૪.૨, ઓખા ૧૫.૮ ડિગ્રી તામપાન નોંધાયું છે.નોંધનીય છે કે, ઉત્તર ભારતમાં હિમ વર્ષાને પગલે શીતલહેર જોવા મળી રહી છે.

કાશ્મીરમાં હિમવર્ષા થતાં કેટલાક વિસ્તારમાં અંદાજે દોઢ ફૂટ જેટલો બરફ જમા થઈ ગયો છે. આ ભારે હિમવર્ષાને કારણે લઘુત્તમ તાપમાનમાં મોટો ઘટાડો થતા હાડ થીજવતી ઠંડીનું જોર વધ્યું છે, જેના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. બરફને લીધે રસ્તાઓનો સંપર્ક કપાઈ જવાથી વાહનવ્યવહાર અને દૈનિક પ્રવૃત્તિઓમાં ભારે અવરોધ પેદા થયો છે.

# જાહેરમાં શ્વાનને ખવડાવ્યું તો દંડાત્મક કાર્યવાહી થશે : ૪૮ વોર્ડમાં ફિડિંગ સ્પોટની ફાળવણી




(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં રખડતા શ્વાનોની સમસ્યા અને તેના કારણે સર્જાતી અસ્વચ્છતાને રોકવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે.

'ABC Rules-૨૦૨૩'ના નિર્દેશોનું પાલન કરતા તંત્રએ શહેરભરમાં ૧૦૦ નિર્ધારિત ફિડિંગ સ્પોટ નક્કી કર્યા છે.

હવેથી નાગરિકોએ માત્ર આ નક્કી કરેલા સ્થળોએ જ શ્વાનને ખોરાક આપવાનો રહેશે.AMC દ્વારા અમદાવાદના તમામ ૭ ઝોન અને ૪૮ વોર્ડમાં તપાસ કર્યા બાદ ૧૦૦ ડોગ ફિડીંગ સ્પોટ ઓળખી કાઢવામાં આવ્યા છે. નક્કી કરાયેલા ૧૦૦ સ્પોટ પર તંત્ર દ્વારા ખાસ બેનર્સ અને બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે જેથી નાગરિકોને જાણકારી મળી રહે. આ તમામ સ્થળોની સંપૂર્ણ યાદી ટૂંક સમયમાં જ AMCની સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવશે.

જરૂરિયાત મુજબ અને વિવિધ સંસ્થાઓ સાથે પરામર્શ કર્યા બાદ આગામી સમયમાં વધુ સ્પોટ ઉમેરવાની પણ વિચારણા છે.તંત્રએ સ્વચ્છતા જાળવવા માટે નાગરિકોને કડક અપીલ કરી છે.

જો કોઈ વ્યક્તિ જાહેર રસ્તા, ફૂટપાથ કે સોસાયટીના નાકે ગમે ત્યાં શ્વાનને ખોરાક કે પાણી આપતા પકડાશે, તો પબ્લિક હેલ્થ બાય-લોઝ હેઠળ તેની પાસેથી કડક દંડ વસૂલવામાં આવશે. લોકોમાં આ નવા નિયમો અંગે જાગૃતિ લાવવા માટે ખાસ 'IEC કેમ્પેઈન' હાથ ધરવામાં આવશે.AMCના આ નિર્ણય પાછળ મુખ્યત્વે બે હેતુઓ રહેલા છે. પ્રથમ, જાહેર માર્ગો પર શ્વાનને ખવડાવવાના કારણે થતી અસ્વચ્છતા દૂર કરવી અને બીજું, ખોરાક મેળવવા માટે શ્વાનો વચ્ચે થતી લડાઈથી રાહદારીઓ પર થતા હુમલા ઘટાડવા. મ્યુનિસિપલ કોર્પોરેશનના આ આદેશ બાદ હવે પ્રાણીપ્રેમીઓએ પણ શ્વાનને ખોરાક આપવા માટે નિર્ધારિત કરેલા સ્પોટ પર જ જવું પડશે.

# દ્વારકા રોડ પર પાણી ભરેલા ખાડામાંથી ૫૫ વર્ષીય આધેડનો મૃતદેહ મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર પંથકમાં એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. ગોહિલની ખાણ-મૂળ દ્વારકા રોડ પર પાણી ભરેલા ખાડામાંથી એક ૫૫ વર્ષીય આધેડનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.

પાણી ભરેલો ખાડો ઊંડો હોવાથી મૃતદેહને બહાર કાઢવા માટે જેસીબી મશીનની મદદ લેવી પડી હતી. મૃતકની ઓળખ ધામળેજ ગામના વતની ૫૫ વર્ષીય લખમણભાઈ ખીમાભાઈ ચાવડા તરીકે થઈ છે. પોલીસે મૃતદેહનો કબ્જે કરીને પોસ્ટ મોર્ટમ માટે કોડિનાર સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો છે.પ્રાથમિક તપાસ અને આસપાસની સ્થિતિ જોતા એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, લખમણભાઈ રાત્રિના સમયે પુલ પરથી પસાર થઈ રહ્યા હશે, ત્યારે અકસ્માતે પુલ પરથી નીચે ખાડામાં ખાબક્યા હોઈ શકે છે. જોકે, સ્થાનિકોમાં આ ઘટના અકસ્માત છે, આત્મહત્યા કે પછી હત્યા તે અંગે વિવિધ ચર્ચાઓએ જોર પકડ્યું છે.

કોડિનાર પોલીસ દ્વારા આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું સાચું અને સચોટ કારણ જાણી શકાશે. આ અકાળે અવસાનથી ધામળેજ ગામ અને મૃતકના પરિવારમાં ઘેરા શોકનો માહોલ છવાઈ ગયો છે.

ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટની માનવતાભરી પહેલ

# ૭૭મા પ્રજાસત્તાક દિવસ પૂર્વે ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ - અમદાવાદ દ્વારા દર્દીઓ માટે રમત-ગમત મહોત્સવનું આયોજન

## દર્દીઓની ઝડપી પુનઃસ્વસ્થતા માટે તબીબી સારવાર સાથે માનસિક મજબૂતી પણ એટલી જ જરૂરી છેઃ સ્પાઈન સર્જન ડો. પિયુષ મિત્તલ





૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વ "પ્રજાસત્તાક દિવસ" ની ઉજવણીના ભાગરૂપે, દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તારીખ ૨૪ જાન્યુઆરીના રોજ દર્દીઓ માટે વિશેષ રમત-ગમત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સારવાર હેઠળ રહેલા દર્દીઓમાં માનસિક સ્ફૂર્તિ, આત્મવિશ્વાસ અને સકારાત્મક અભિગમ વિકસાવવાનો રહ્યો. વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓમાં કુલ ૨૨ દર્દીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેમાં દર્દીઓમાં આનંદ અને ઉર્જાનો માહોલ જોવા મળ્યો. કાર્યક્રમ દરમિયાન પ્રખ્યાત સ્પાઈન સર્જન ડો. પિયુષ મિત્તલની વિશેષ ઉપસ્થિતિ દર્દીઓ માટે પ્રેરણારૂપ બની. આ ઉપરાંત ડો. શ્રેયા શર્મા પણ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડો. મિત્તલે દર્દીઓ સાથે સંવાદ કરી તેમને હિંમત અને આત્મવિશ્વાસ આપતા જણાવ્યું કે શારીરિક સારવાર સાથે માનસિક સકારાત્મકતા પણ ઝડપી સ્વસ્થતા માટે અત્યંત જરૂરી છે. તેમની પ્રોત્સાહક વાતોએ દર્દીઓમાં નવી આશા અને ઉત્સાહ ભરી દીધો. કાર્યક્રમમાં ભાગ લેનાર તેમજ વિજેતા દર્દીઓને ૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિવસ નિમિત્તે પ્રોત્સાહન પુરસ્કાર અર્પણ કરવામાં આવશે, તેવી માહિતી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આપવામાં આવી. ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત આ કાર્યક્રમ સારવાર સાથે સંવેદના અને માનવતા જોડતી આરોગ્ય સેવાનો ઉત્તમ દાખલો પૂરું પાડે છે.

નવરંગપુરા વિસ્તારમાં એક પીજીમાં રહીને પોતાનું ગુજરાન ચલાવતી હતી

# અમદાવાદમાં પીજીમાં રહેતી યુવતી સાથે લગ્નની લાલચ આપી દુષ્કર્મ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતનું શૈક્ષણિક અને આર્થિક હબ ગણાતું અમદાવાદ શહેર ફરી એકવાર મહિલા સુરક્ષાને લઈને ચર્ચામાં આવ્યું છે. શહેરના પોશ ગણાતા નવરંગપુરા વિસ્તારમાં આવેલી એક પેઈંગ ગેસ્ટ (PG) માં રહીને અભ્યાસ કે નોકરી કરતી યુવતી સાથે લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાની ઘટના સામે આવી છે. આ મામલે યુવતીએ હિંમત દાખવીને પોલીસ ફરિયાદ નોંધાવતા નવરંગપુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ભોગ બનનાર યુવતી અન્ય શહેરથી અમદાવાદ આવીને નવરંગપુરા વિસ્તારમાં એક પીજીમાં રહીને પોતાનું ગુજરાન ચલાવતી હતી. આ દરમિયાન તેની મુલાકાત આરોપી યુવક સાથે થઈ હતી. આરોપીએ યુવતીનો વિશ્વાસ જીતવા માટે તેની સાથે મિત્રતા કેળવી હતી અને ધીમે ધીમે આ મિત્રતા પ્રેમમાં પરિણમી હતી. આરોપી યુવકે યુવતીને વિશ્વાસમાં લીધી હતી કે તે તેની સાથે લગ્ન કરશે. લગ્નનું વચન આપીને આરોપીએ યુવતી સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. અહેવાલ મુજબ, આરોપીએ અવારનવાર યુવતીને લગ્નની લાલચ આપી તેની મરજી વિરુદ્ધ કે વિશ્વાસઘાત કરીને દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે યુવતીએ લગ્ન માટે દબાણ કર્યું, ત્યારે આરોપીએ પોતાની અસલી મથરાવટી બતાવી લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો હતો. યુવતીને જ્યારે ભાન થયું કે તેની સાથે છેતરપિંડી થઈ છે, ત્યારે તેણે તાત્કાલિક નવરંગપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. પોલીસે યુવતીની ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતા ની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે ભોગ બનનાર યુવતીનું મેડિકલ પરીક્ષણ કરાવવાની પ્રક્રિયા હાથ ધરી છે. પીજીની આસપાસના સીસીટીવી ફૂટેજ અને બંને વચ્ચે થયેલા સોશિયલ મીડિયા સંવાદો કે ફોન કોલ્સની વિગતોની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસની અલગ-અલગ ટીમો આરોપીને ઝડપી પાડવા માટે તેના સંભવિત રહેઠાણો પર દરોડા પાડી રહી છે. પોલીસે આરોપીને ટૂંક સમયમાં પકડી લેવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.